શંખેશ્વરના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. શંખેશ્વર.

ક્રીમીનલ કેસ નં. **૩૪ / ૨૦૨૬**

આંક :

ફરીયાદી :- શ્રી સરકાર

-:: વિરૂધ્ધ ::-

આરોપી :- દિનેશભાઈ શીવાભાઈ મકવાણા
રહે. રણોદ, તા.શંખેશ્વર,જી.પાટણ.

ગુનો :- ધી પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી મુજબ.

**-: ચુકાદો :-**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત મુજબ બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબનો ગુનો આચરેલ હોય, સદરહુ ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ચાર્જશીટ કરી અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા, તેને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરેલ અને આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરતી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજ કરવામાં આવેલ અને ગુનો કબુલ કરવા બંધાયેલ ન હોવાનું જણાવેલ છે, તેમ છતાં આરોપીએ તેઓ સ્વેચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનું જણાવતા, આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ તેની ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુના બદલ ઘણો પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ મજુર વર્ગના માણસ છે અને તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે હોઈ, તેઓની ઉપર દયા અને રહેમ રાખવા વિનંતી કરેલ છે.

૩. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરતો હોઈ અને આરોપી સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય, જેથી આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક સ્થિતિ અને જવાબદારીને ઘ્યાને લેતા તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લેતાં હાથ પરના કેસમાં આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા અને દંડ નહીં કરતા, ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-:: હુ ક મ ::-

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ -૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.૧૦૦/- અંકે રૂપિયા એક સો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૧૪**, માહે **માર્ચ**, સને **૨૦૨૬**ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪ / ૦૩ / ૨૦૨૬
મુ.શંખેશ્વર.

**(મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
શંખેશ્વર.
કોડ નં.જી.જે.૦૦૬૭૦